HGH INDIA® 2022
HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE
December 13-16, 2022
Bombay Exhibition Center, Mumbai

NEWS 2

A TEXZONE Event
www.hghindia.com

Where business feels at home!

# નિકાસકારો આંતરરાષ્ટ્રીય કલેક્શન્સ ઓફર કરશે

ભારતીય ગ્રાહકો તેમની ખરીદીમાં હોમ ટેક્સટાઇલ્સના તમામ સેગમેન્ટમાં શ્રેષ્ઠ ગુણવત્તા, આંતરરાષ્ટ્રીય રંગો અને ડિઝાઇનો તથા સારામાં સારી કામગીરી માટેની માગ કરી રહ્યાં હોવાથી રિટેલર્સને ગ્રાહકની આ બદલાતી જરૂરિયાત પૂર્ણ કરવાની જરૂર છે.

દાયકાથી ૩૦૦ સુસ્થાપિત નિકાસ ગૃહોએ એચજીએચ ઇન્ડિયા દ્વારા ભારતીય સ્થાનિક બજારમાં સફળતાપૂર્વક પ્રવેશ કર્યો છે. અત્યારે તેઓ પોતાની બ્રાન્ડ્સ ધરાવે છે, જે ભારતીય રિટેલર્સ અને ગ્રાહકો વચ્ચે સુસ્થાપિત અને જાણીતી છે.


Enrya


Pano

એચજીએચ ઇન્ડિયા બેડ શીટ, ટોવેલ, ડ્યુએટ, કમ્ફર્ટર, ડેકોરેટિવ બેડિંગ, ક્વિલ્ટ, સમર બ્લેન્કેટ, પડદાં, થ્રો, કુશન કવર, ટેબલ એન્ડ કિચન લિનેન, બાથ મેટ એન્ડ રગ, એરિયા રગ, દરી, ડોર મેટ અને વિવિધ પ્રકારની સુશોભન સામગ્રીઓના અગ્રણી ભારતીય નિકાસકારો દ્વારા ઓફર થતી આંતરરાષ્ટ્રીય હોમ ટેક્સટાઇલ ઉત્પાદનોની બહોળી રેન્જ પ્રદર્શિત કરશે.

આગામી એડિશનમાં આ નિકાસકારો દ્વારા પ્રદર્શિત કેટલીક હોમ ટેક્સટાઇલ્સ બ્રાન્ડ્સમાં સામેલ છે – માસ્પર, પ્લુચિ, માઇક્રો કોટન, કે જી ડેનિમ, ડોક્ટર ટોવેલ્સ, બોનહેર, પેનો, લિબર્ટી, કાલીન, બાલવિગ્ન, ગૉવિન્સ. તુર્કીની માઇક્રોફાઇબર્સ જેવી આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ પણ પ્રદર્શન કરી રહી છે.

આ ઉપરાંત આસાદીપ ફર્નિશિંગ્સ, એલીગન્ટ વીવર્સ, દેવતારા, લકાસા, ભિક્ષુ ફેબ્રિક્સ, માર્વિન લેધર, હોમ ફેબ્રિક્સ, વાલમ હોમ, લાભમ, કોર્ટિના અને હોમ સ્ટોરી વગેરે જેવી નિયમિત સ્થાનિક બ્રાન્ડ્સ પણ બેડશીટ, ટોવેલ, ડેકોરેટિવ મેડ-અપ્સ, ફર્નિશિંગ ફેબ્રિક, પડદાં અને વિવિધ હોમ ટેક્સટાઇલ્સમાં તેમના નવા કલેક્શન્સ પણ પ્રસ્તુત કરશે.

એ જ રીતે હસ્તકળાઓ, સુશોભનની સામગ્રીઓ, હોમ ફર્નિચર, મેટ્રેસ્સીસ, પિલો, રગ્સ એન્ડ કાર્પેટ્સ, સ્ટેઇનલેસ સ્ટીલ હાઉસવેર, કિચનવેર અને કૂકવેર, પ્લાસ્ટિક અને જનરલ હાઉસવેર, ટેબલવેર અને અન્ય હોમ ઉત્પાદનોના ઘણા નિકાસકારો પણ ભારતીય ઉપભોક્તાઓનું ધ્યાન ખેંચે છે, કારણ કે તેઓ દેશની અંદર વધારે મોટી અને વધારે નફાકારક વ્યવસાયિક તકો જુએ છે. આ નિકાસકારો અને ભારતીય રિટેલર્સ એમ બંને માટે લાભદાયક સ્થિત બનશે, જેઓ વૈશ્વિક ઉત્પાદનો અને ડિઝાઇનો માટે આયાત પર જ તેમની નિર્ભરતા ઘટાડવા સક્ષમ બની શકે છે.

એચજીએચ ઇન્ડિયા હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડેકોર, હોમ ફર્નિચર, હાઉસવેર એન્ડ ગિફ્ટ્સનિ સંપૂર્ણ રેન્જ માટે સ્થાનિક બજારમાં વૃદ્ધિને સુવિધા આપવા સજ્જ છે. ૨૫,૦૦૦થી વધારે રિટેલર્સે પૂર્વનોંધણી કરાવવાની સાથે ૧૩ ડિસેમ્બરથી ૧૬ ડિસેમ્બર, ૨૦૨૨ સુધી ચાલ દિવસનો આ ટ્રેડ શૉ આગામી સ્પ્રિંગ / સમર ૨૦૨૩ રિટેલ સિઝન માટે મુંબઈમાં વ્યવસાયિક કામગીરી લાવશે.

# ઘણા સ્પેશ્યલાઇઝ ગ્રૂપનું પ્રદર્શન

કેટલાંક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ગ્રૂપની સહભાગીઓનું આયોજન અગ્રણી આંતરરાષ્ટ્રીય અને ભારતીય વેપાર સંવર્ધન સંસ્થાઓએ કર્યું છે, જેનાથી ભારતીય રિટેલર્સ, વિતરકો, ઇન્ટેરિઅર ડિઝાઇનરો અને સંસ્થાગત ગ્રાહકો માટે ખરીદીની મોટી તકો ઊભી થઈ છે. એચજીએચ ઇન્ડિયા વણખેડાયેલી રચનાત્મકતા, ઉત્પાદન નવીનતા, હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડેકોર, હાઉસવેર, હોમ ફર્નિચર અને ગિફ્ટ્સમાં ડિઝાઇનરો અને કારીગરો સાથે ગ્રાહકોને એક વાર ફરી જોડશે.


EPCH Pavilion

ઇટાલિયન નેશનલ પેવેલિયનનું પ્રતિનિધિત્વ કરતી ઇટાલિયન ટ્રેડ એજન્સી હોમ ફર્નિચર, ડેકોરેટિવ ગ્લાસવેર, પોર્સેલિન અને આર્ટફેક્ટ્સ, ડેકોરેટિવ એક્સેસરીઝ, વોલ ડેકોર, વૂડન ફ્લોરિંગ અને ઇન્ટેરિઅર ડિઝાઇનની વિભાવનાઓ જેવી તમામ કેટેગરીઓમાં 10 સુસ્થાપિત ડિઝાઇનરો અને ઉત્પાદકો લાવી છે.

હસ્તકળાઓ માટે નિકાસ સંવર્ધન પરિષદ (ઇપીસીએચ) દિલ્હી, મોરાદાબાદ, આગ્રા, સહરાનપુર, ખુર્જા, જોધપુર અને જયપુર જેવા કેન્દ્રોમાંથી 20 પ્રદર્શકોનાં જૂથનું આયોજન ધરાવે છે, જેમાંથી ઘણા એચજીએચ ઇન્ડિયા ખાતે પહેલી વાર પ્રદર્શકો હશે. ટેકનોલોજી અને સંશોધન માટે ઉત્તર પૂર્વ કેન્દ્ર (એનઇસીટીએઆર) બામ્બૂ, કેન, વૂડ, સિલ્ક, કુદરતી મણકાં અને રત્નો જેવી સામગ્રીઓમાં પૂર્વોતર ભારતમાંથી હસ્તકળાઓના વિવિધ વિકલ્પો પ્રદર્શિત કરશે. નેશનલ ડિઝાઇન સેન્ટર, દિલ્હી, સમગ્ર ભારતમાંથી ભારતીય કારીગરો દ્વારા વિવિધ કળાઓની આધુનિક સ્વીકાર્યતા સાથે જોડશે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્પેટ ટેકનોલોજી ભદોહી, વારાણસી, આગ્રા અને જયપુર જેવા કેન્દ્રોમાંથી હાથથી બનેલી વિશિષ્ટ જાજમના ઉત્પાદકોને આવકારશે. નેશનલ હેન્ડલૂમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એનએચડીસી) દેશના વિવિધ વિસ્તારોમાંથી ઓશીકાના કવર, પડદાં, ટેબલ અને કિચન લિનેન જેવા હાથથી વણેલા હોમ ટેક્સટાઇલ ઉત્પાદનોના વણકરો અને ઉત્પાદકોને ટેકો આપશે.

ઇપીસીએચએ એચજીએચ ઇન્ડિયાના કિડ્સ હોમ સેક્શનમાં પહેલી વાર હાથથી બનેલા રમકડાંઓના પ્રદર્શનનું પણ આયોજન કર્યું છે.

**નવીનતા ▪ ટ્રેન્ડ્સ ▪ ઉત્પાદનો ▪ સ્તોત્રો ▪ તકો**

# એચજીએચ ઇન્ડિયામાં ફોકસ

એચજીએચ ઇન્ડિયા ભારતીય બજારમાં ઊંચી સંભવિતતા સાથે વ્યવસાયિક વૃદ્ધિ અને ચોક્કસ કેટેગરીઓમાં સુવિધાકાર અને પ્રેરકબળ તરીકે હંમેશા કામ કરે છે. પ્રદર્શકો અને વેપારી ગ્રાહકો એમ બંનેને આ લાભ મળે એ માટે પ્રયાસોને ચાલુ રાખીને એચજીએચ ઇન્ડિયાની 12મી એડિશન એક વાર ફરી બહોળી વણખેડાયેલી વ્યવસાયિક સંભવિતતા ધરાવતી કેટલીક ચોક્કસ કેટેગરીઓ પર ફરી એક વાર ધ્યાન આપે છે. આ કેટેગરીઓ છે – વર્લ્ડ ઓફ સ્લીપ, હોમ ફર્નિચર, સ્માર્ટ કિચન, વોલ એન્ડ વિન્ડોઝ અને કિડ્સ હોમ.

World of Sleep

a joint initiative by HGH INDIA

## વર્લ્ડ ઓફ સ્લીપ

એચજીએચ ઇન્ડિયાની છેલ્લી બે એડિશનમાં વર્લ્ડ ઓફ સ્લીપ પેવેલિયનની પહેલએ મુલાકાતીઓ પર નોંધપાત્ર અસર કરી છે. આ પેવેલિયને સ્લીપ ઉદ્યોગમાં નવા પ્રવાહો અને નવીનતાઓ જોવાની તક આપવાના પ્રવાહ તરીકે પ્રશંસા મેળવી છે.

સ્લીપવેલ, કર્લ-ઓન, સ્પ્રિંગફિટ, સેન્ચુઅરી, સેર્ટા, સિમો, સ્પ્રિંગ એર, સ્લીપમેક્સ, રિપોઝ, લિબ્રા જેવી અગ્રણી બ્રાન્ડ્સે એચજીએચ ઇન્ડિયાની આગામી ૧૨મી એડિશનમાં વર્લ્ડ ઓફ સ્લીપને ટેકો ચાલુ રાખ્યો છે. ત્રીજા વર્ષે વર્લ્ડ ઓફ સ્લીપ મુલાકાતીઓને ટેકનોલોજી-સંચાલિત નવીનતાઓમાં ઉપયોગી જાણકારી આપશે, જે સ્વસ્થ ઊંઘ લેવાની લાક્ષણિકતા ધરાવે છે. ઉપરાંત કોમ્ફી, અમોરા આરડીપી ફોમ, ફ્રેમસ ફોમ જેવી કેટલીક આગામી બ્રાન્ડ્સ અને ઉત્પાદકો તેમની પોતાની USPs સાથે રજૂ થશે.



એચજીએચ ઇન્ડિયા અને ઇન્ડિયન સ્લીપ પ્રોડક્ટ્સ ફેડરેશન (આઇએસપીએફ) દ્વારા સંયુક્ત પહેલ વર્લ્ડ ઓફ સ્લીપ મુલાકાતીઓને તમામ કેટેગરીઓમાં સ્લીપ ઉત્પાદનોમાં નવીનતા અને ટેકનોલોજીકલ પ્રવાહો સમજવામાં મદદરૂપ થશે.

સારી ઊંઘ સારાં સ્વાસ્થ્ય તરફ દોરી જાય છે – આ સાર્વત્રિક સ્વીકાર્ય હકીકત છે. એચજીએચ ઇન્ડિયામાં વર્લ્ડ ઓફ પેવેલિયન રિટેલર્સ અને ચેનલ પાર્ટનર્સને મેટ્રેસ્સીસ, પિલો, બ્લેન્કેટ અને કમ્ફર્ટર્સ જેવા સ્લીપ ઉત્પાદનોમાં નવીનતાઓ પર ઉપયોગી માહિતી આપશે. આ મુખ્ય સ્લીપ ઉત્પાદનોની સારી ગુણવત્તા ઉપરાંત બ્રાન્ડ્સ અને ઉત્પાદકો મેટ્રેસ્સીસ પ્રોટેક્ટર્સ, સ્લીપિંગ બેગ્સ, સ્લીપિંગ પોડ્સ, સ્લીપિંગ ગેજેટ્સ અને યોગ્ય સંગીત, લાઇટ, રૂમનું તાપમાન, રંગો, એરોમા અને ફ્રેગ્રેન્સીસ, એર પ્યોરિફાયર્સ વગેરે જેવા ઉત્પાદનોનું મહત્વ રજૂ થશે, જે સારી અને ગુણવત્તાયુક્ત ઊંઘ સુનિશ્ચિત કરે છે.

એચજીએચ ઇન્ડિયા ખાતે વર્લ્ડ ઓફ સ્લીપ પેવેલિયન રિટેલર્સ અને વેપારી મુલાકાતીઓને સ્લીપ ઉત્પાદનોમાં આગામી પ્રવાહો વિશે જાણકારી આપશે તથા તેમને વ્યક્તિગત જરૂરિયાતો માટે શ્રેષ્ઠ રીતે અનુકૂળ સ્લીપિંગ સમાધાનો પર ઉપભોક્તાઓને યોગ્ય માહિતી પ્રદાન કરવા તૈયાર કરશે.

વર્લ્ડ ઓફ સ્લીપ પેવેલિયનમાં નિષ્ણાતો સારી ગુણવત્તાયુક્ત ઊંઘ અને સારું સ્વાસ્થ્ય, ઊંઘ સાથે સ્વચ્છતા, સુવિધા, તણાવના સ્તરમાં ઘટાડો અને ઉત્પાદકતા સાથે એની પ્રસ્તુતતા પર સંશોધનના તારણો રજૂ કરશે. અત્યારે ઉપભોક્તાઓ તેમની વ્યક્તિગત જરૂરિયાતો પૂર્ણ કરે એવા સ્લીપિંગ સમાધાનો મેળવવા આતુર છે. રિટેલર્સે તેની સાથે તાલમેળ સ્થાપિત કરવો જોઈએ.

વર્લ્ડ ઓફ સ્લીપ રિટેલર્સને બ્રાન્ડ્સ અને ઉત્પાદકો સાથે સીધું જોડાણ સ્થાપિત કરવાની તક આપે છે, જેથી તેમના ઉત્પાદનોની વિશિષ્ટ ખાસિયતોની સમજણ મળે.

વધારાનું આકર્ષણ દરેક સત્ર માટે ૨૦ મિનિટના ગાળા સાથે પ્રોફેશનલ ટીમ દ્વારા ફ્રી રિટેલર ટ્રેનિંગ સેશન્સ હશે. સીટો મર્યાદિત હોવાથી એચજીએચ ઇન્ડિયા માટે તમામ રજિસ્ટર્ડ મુલાકાતીઓ આ સેમિનારો માટે નોંધણી પણ કરાવી શકે છે. જો તમે મુલાકાતી તરીકે નોંધણી કરાવી હોય તો સેમિનાર માટે નોંધણી કરાવવા નીચેની લિન્ક પર ક્લિક કરો.

https://docs.google.com/forms/d/e/1FAIpQLSdM_7kzKDRJWhl93_EtCoGdECbyeqJ9syWyyLERD0LI9Rkabw/viewform

જો તમે મુલાકાતી તરીકે નોંધણી ન કરાવી હોય તો અહીં ક્લિક કરો https://www.hghindia.com/eng/otp-registration/ અને ૫ ડિસેમ્બર, ૨૦૨૨ અગાઉ નોંધણી કરો અને સ્પોટ રજિસ્ટ્રેશન ચાર્જના રૂ. ૧,૦૦૦/-ની બચત કરો. પછી તમે ઉપરોક્ત લિન્ક પર ટ્રેનિંગ સેશન માટે નોંધણી કરાવી શકો છો.

Home Furniture

an initiative by HGH India

## હોમ ફર્નિચર

આગામી એડિશનમાં એચજીએચ ઇન્ડિયા કામગીરીની સુવિધા વધારવા અને ઘરની સુશોભિતા વધારવા હોમ ફર્નિચરની રેન્જમાં વધુ વધારો કરશે. હોમ ફર્નિચરમાં આગામી પ્રવાહો એક પ્રતિબદ્ધ હોમ ફર્નિચર પેવેલિયન દ્વારા રજૂ થશે.

હોલ ૧માં ઇટાલિયન નેશનલ પેવેલિયનમાં ૧૦ ઇટાલિયન પ્રદર્શકો વચ્ચે ચાર પ્રદર્શકો ટેબલ, ચેર, સોફા અને કેબિનેટ, વૂડન ફ્લોરિંગ અને કસ્ટમાઇઝ્ડ ફર્નિચર જેવા સારી ડિઝાઇન ધરાવતા હોમ ફર્નિચર પ્રદર્શિત કરશે.

સમયની ખેંચ ધરાવતા ગ્રાહકો એકછત હેઠળ હોમ ડેકોરના સંપૂર્ણ સમાધાનો જોવા ઇચ્છે છે એટલે તમામ હોમ કેટેગરીઓ તેમના સ્ટોર્સમાં હોમ ફર્નિચરની સંપૂર્ણ રેન્જ ઉમેરવા આતુર છે. ફર્નિશિંગ્સ, હોમ ડેકોર અને ફર્નિચર રિટેલર્સ, ઇન્ટેરિઅર ડિઝાઇનર્સ, આર્કિટેક્ટ્સ, વિતરકો અને રસ ધરાવતી ફ્રેન્ચાઇઝી ભારતીય અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ અને ઉત્પાદકો પાસેથી આધુનિક, પરંપરાગત અને સુંદર ફર્નિચર જોવાની તક મેળવશે.



હોમ ફર્નિચરમાં લિવિંગ રૂમ, ડાઇનિંગ રૂમ, બેડરૂમ, કિચન, સ્ટડી રૂમ, બાથરૂમ, હોમ ઓફિસ ફર્નિચર, એસન્ટ ફર્નિચર, આઉટડોર અને લેઇઝર ફર્નિચર સામેલ હશે. તેમાં સોફા, રિક્લાઇનર, ડાઇનિંગ ટેબલ, બેડ, વોર્ડરોબ, કોફી ટેબલ, કોન્સોલ, કેબિનેટ, સાઇડ ટેબલ, હોમ ઓફિસ ટેબલ, ચેર, બીન બેગ અને પાઉફ, રોકિંગ ચેર, સ્ટૂલ, સ્વિંગ, કિડ્સ ફર્નિચર, ગાર્ડન ફર્નિચર, આઉટડોર ફર્નિચર, રેક્સ એન્ડ ટ્રોલીઝ, બાર કેબિનેટ એન્ડ સ્ટોરેજ ચેસ્ટ, ડ્રેસર એન્ડ મિરર, બુક શેલ્વ્સ એન્ડ મેગેઝિન હોલ્ડર, શોકેસ અને ડિસ્પ્લે યુનિટ વગેરે જેવા ઉત્પાદનો સામેલ હશે.

ટેકનોલોજીકલ પ્રગતિ વૂડ, બામ્બૂ, કેન, પ્લાસ્ટિક, રેટ્ન, રોટ આયર્ન, સ્ટીલ, બ્રાસ, ગ્લાસ, સ્ટોન, એક્રીલિક, રિસાયક્લ્ડ મટિરિયલ્સ જેવી સામગ્રીમાં અત્યાધુનિક ફર્નિચર બનાવવા તરફ દોરી ગઈ છે…

શહેરીકરણ, નાનાં ઘરો અને ભાડાનાં મકાનોમાં વધારો થવાથી ભારતીય ગ્રાહકોની ફર્નિચરની ખરીદીની પેટર્ન પર અસર થઈ છે. અત્યારે લોકો તેમના ઘરોનો લૂક ઓછા ખર્ચ અવારનવાર બદલવા ઇચ્છે છે.

અત્યારે ઉપભોક્તાઓ તૈયાર ફર્નિચર અને સોફ્ટ ફર્નિશિંગ્સ પસંદ કરે છે, જે એકબીજા સાથે સુસંગત છે. મહામારી પછીના યુગમાં હોમ-ઓફિસ અને જગ્યા બચાવતા ફર્નિચરની માગ પણ વધી છે.

પરંપરાગત ફર્નિચર સ્ટોર્સ અને કસ્માઇઝેશન ઉપરાંત સંપૂર્ણ હોમ સ્ટોર્સ, ફર્નિશિંગ સ્ટોર્સ,

હોમ ડેકોર સ્ટોર્સ અને ઓનલાઇન રિટેલર્સ – ફર્નિચર ખરીદવા માટેના નવા સ્થાનો બની ગયા છે.

Smart Kitchen – an initiative by HGH India

### સ્માર્ટ કિચન

એચજીએચ ઇન્ડિયાની આ એડિશનમાં કિચન્સ વધારે મજબૂત થવાનું ચાલુ રાખશે. વન્ડરશેફ, ગ્લેન, હૉકિન્સ, યુ-ફૂક, યુનાઇટેડ એકતા, સંજીવ કપૂર, રેના, ફિસ્કર્સ, નોલ્ટા, ઑક-નોક્સ, વિકાસ, બ્રિલિયન્ટ, શ્રી એન્ડ સેમ, રોકા જેવી બજારની અગ્રણી કંપનીઓ કૂકિંગ અને કિચન મેનેજમેન્ટમાં સંવર્ધિત ડિઝાઇનો, શ્રેષ્ઠ કામગીરી અને વધારે સુવિધાઓ ધરાવતી તેમની નવીનતાઓ રજૂ કરશે. મુલાકાતીઓ ઉત્પાદનોની તેમની સંપૂર્ણ રેન્જ જોઈ-સમજી શકશે.

સ્માર્ટ કિચન્સ ભારતીય કુટુંબો વચ્ચે વાસ્તવિકતા બની ગઈ છે. હાલ મોડ્યુલર કિચન્સ સ્માર્ટ ઉપકરણો, ગેજેટ્સ અને વોઇસ આસિસ્ટન્ટ સાથે વધારે ઇન્ટેલિજન્ટ છે. કૂકવેર અને કિચનવેર ઉત્પાદકો સ્માર્ટર ઉત્પાદનો પ્રસ્તુત કરવાનો સંકેત પણ મેળવે છે. એચજીએચ ઇન્ડિયા 2022 મોડ્યુલર કિચન્સ, કિચન એપ્લાયન્સિસ, કૂકવેર અને કિચનવેર ઝડપી, સ્વસ્થ, પર્યાવરણને અનુકૂળ અને વધારે સુવિધાજનક કૂકિંગ માટે નવીનતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

સ્માર્ટ કિચન પેવેલિયન રિટેલર્સ, વિતરકો અને વેપારી ગ્રાહકોને ભારત અને અન્ય દેશોમાંથી બ્રાન્ડ્સ અને ઉત્પાદકો દ્વારા પ્રસ્તુત નવીનતાઓ પર જાણકારી આપશે. આ



તેમને મોડ્યુલર કિચન્સ, કૂકિંગ, કૂકવેર, કિચન એપ્લાયન્સિસ અને કિચન ટૂલ્સમાં આગામી પ્રવાહો અને ઉત્પાદન નવીનતા સમજવામાં મદદરૂપ થશે.

ચોપિંગથી ગ્રેટિંગ, ક્લીનિંગથી ભોજન તૈયાર કરવા સુધી, મિશ્રણથી ફૂડ પ્રોસેસિંગ, બેકિંગ, સ્ટીમિંગ કે સૉટિંગ, બોઇલિંગથી ફ્રાઇંગ, ટોસ્ટિંગથી રોસ્ટિંગ, આઇસિંગથી ડેકોરેટિંગ સુધી.....રસોડાની તમામ કામગીરીઓ સામગ્રીઓ, પ્રક્રિયાઓ, સુવિધા અને સાનુકૂળતામાં પરિવર્તન જુએ છે. ભોજન બનાવવામાં ઓટોમેશન, ન્યૂટ્રિશન, સ્વચ્છતા, સ્વાસ્થ્ય અને પર્યાવરણ નવા ચાવીરૂપ શબ્દો છે.

ખાદ્ય ચીજવસ્તુઓના સંગ્રહ, તૈયારી, પ્રોસેસિંગ અને સર્વિંગના તમામ તબક્કાઓમાં સ્વચ્છતા અને સ્વાસ્થ્યની સલામતી – નવી માગો છે, જે નવીનતાને આગળ વધારશે.

એચજીએચ ઇન્ડિયા 2022માં સ્માર્ટ કિચન માટે ખાસ પેવેલિયન રિટેલર્સ અને વેપારી મુલાકાતીઓને આગામી પ્રવાહો દર્શાવશે.

Walls & Windows – an initiative by HGH India

### વોલ્સ એન્ડ વિન્ડોઝ

ઉપભોક્તાઓ તેમના ઘરોમાં વધારે સ્ટાઇલ અને સુવિધા મેળવવા આતુર હોવાથી તેઓ તેમની દિવાલો અને બારીઓ પર સુંદરતા અને કામગીરીનો સમન્વય કરવા નવી સામગ્રીઓ અને ટેકનોલોજીઓ ઇચ્છે છે. સરળ વોલપેપર્સ, બ્લાઇન્ડ્સ અને પડદાંથી તેમાં ઓટોમેશન, સૂર્ય સામે રક્ષણ આપતી અદ્યતન સામગ્રીઓ, વ્યક્તિગત ડિઝાઇનો તથા વ્યક્તિના પોતાના રસ અને પસંદગીની અભિવ્યક્તિ તરફ ધ્યાન ખસેડાયું છે.

ભારતમાં વોલપેપર્સ, બ્લાઇન્ડ્સ, પડદાં, વોલ ફિનિશીસ અને વિન્ડો ઓટોમેશન ઝડપથી વૃદ્ધિ કરતાં સેગમેન્ટ છે. ભારતીય ફર્નિશિંગ બજારમાં સૌથી જૂની કેટેગરીઓ પૈકીની એક તરીકે વોલ્સ એન્ડ વિન્ડોઝને આધુનિક ડિઝાઇનો, ટેકનોલોજી અને અસરકારક હાર્ડવેર સાથે નવેસરથી ઊભી કરવાની અને સ્વીકાર્યતા વધારવાની જરૂર છે. વોલપેપર્સને ડિજિટલ પેઇન્ટિંગ અને શ્રેષ્ઠ ડિઝાઇનો સાથે સંવર્ધિત સામગ્રીઓ જેવો



વધારે આધુનિક સ્પર્શ આપવાની પણ જરૂર છે. ઇકોનોમી હોય, પ્રીમિયમ હોય કે લક્ઝરી હોય – તમામ સેગમેન્ટ શ્રેષ્ઠ કામગીરી અને સુશોભનના વિચારો માટે નવી સામગ્રીઓના આગમનને અનુભવે છે. આ નવીનતાઓ વોલપેપર્સ, બ્લાઇન્ડ્સ, પડદાં અને બારીની સામગ્રીઓ જેવા ઉત્પાદનોમાં રિટેલર્સ અને વિતરકો માટે ગેમ ચેન્જર્સ પુરવાર થઈ શકે છે.

વોલ્સ એન્ડ વિન્ડોઝ આ કેટેગરીઓમાં ભારતીય નવીનતાઓ અને વૈશ્વિક પ્રગતિ પ્રસ્તુત કરશે.

વોલ્સ એન્ડ વિન્ડોઝમાં પ્રદર્શકોમાં આ સામેલ છે – માઇક્રોફાઇબર, આસાદીપ, હોમ ફેબ્રિક્સ, વિએન્ટો, વાલમ ફેબ્રિક્સ, વાલમ હોમ ડેકોર (પડદાં અને પડદાના ફેબ્રિક્સ), વિએન્ટો, નોવા, જી ડી ગુપ્તા, સિપ્કો, વિઝન બ્લાઇન્ડ્સ, ઇન્ટિમા ડેકોર, ઓમિક્રોન ટ્રાયોનિક્સ, ફ્લોવિન (બ્લાઇન્ડ્સ), માર્શલ ડી-વોલ, મુંશી, એસ સી શેઠ, એક્ઝિમસ (વોલપેપર), કોહિનૂર, ડોલ્ફિન, ૫૬૭, આર ટી ઇન્ટરનેશનલ, વિર્ટી, હેવા (પડદાના રોડ અને બ્લાઇન્ડ ઘટકો) વગેરે.

Kids' Home – an initiative by HGH India

### કિડ્સ હોમ

યુવાન ભારતીય માતાપિતાઓની તેમના બાળકો માટેની જીવનશૈલી અને ખરીદીની આદતોમાં પરિવર્તન થવાની સાથે આ સેગમેન્ટમાં બ્રાન્ડ્સ અને ઉત્પાદકોને કિડ્સ કે ટૉય્સ સ્ટોર્સ ઉપરાંત તેમના ઉત્પાદનોની પહોંચ વધારવા તેમની રિટેલ અને વિતરણની વ્યૂહરચનાને નવેસરથી પરિભાષિત કરવાની જરૂર છે...

ભારતમાં કિડ્સ હોમ માર્કેટનું વોલ્યુમ વધવાથી અને માતાપિતાઓ ગુણવત્તાયુક્ત, બાળકને અનુકૂળ ઉત્પાદનો ઇચ્છતાં હોવાથી આ સેગમેન્ટમાં નવી તકો ઊભી થઈ છે.

એચજીએચ ઇન્ડિયા ૨૦૨૨ બેબીઝ એન્ડ કિડ્સ હોમ પ્રોડક્ટ્સ માટે વિશેષ વિભાગ પ્રસ્તુત કરશે, જેમાં બેડ એન્ડ બાથ, ફર્નિચર, ડેકોર, ફ્લોરિંગ, ટૉય્સ, પ્રામ, હોબી, હોમ એક્ટિવિટી, આઉટડોર, સ્પોર્ટ્સ એન્ડ એડવેન્ચર, બાથરૂમ એક્સેસરીઝ, હાઉસવેર, હેલ્થ એન્ડ હાઇજી વગેરે સામેલ હશે.

ભારતમાં આ સેગમેન્ટમાં નવીન, સારી ડિઝાઇન ધરાવતી અને સારી ગુણવત્તાયુક્ત ઉત્પાદનો માટેની માગમાં વર્ષદીઠ આશરે ૧૫ ટકાનો વધારો થયો છે. ઉપભોક્તાઓ સુવિધા અને સમય બચાવવા માટે તેમની રોજિંદા ઘરવપરાશની ખરીદીની સાથે બાળકોના ઉત્પાદનો ખરીદવાનું પસંદ કરવાની સાથે ખરીદીની આદતો પણ બદલાઈ રહી છે. સ્પેશ્યલાઇઝ કિડ્સ સ્ટોર્સ ઉપરાંત એચજીએચ ઇન્ડિયામાં નિયમિત મુલાકાતીઓમાં રેગ્યુલર હોમ ટેક્સટાઇલ્સ, ફર્નિચર, હાઉસવેર રિટેલર્સ અને લાર્જ ફોર્મેટ સ્ટોર્સ સામેલ છે, જેઓ તેમના કિડ્સ સેક્શન વધારવા આતુર છે.

બાળકો ઘરે તેમના ગેજેટ્સ-સંચાલિત જીવનશૈલી સાથે વધારે સમય પસાર કરતાં હોવાથી ગ્રાહકો તેમના બાળકોને ગુણવત્તાયુક્ત ઊંઘ, રમત, અભ્યાસ, સુવિધા, સ્વચ્છતા અને સલામતી જેવી જરૂરિયાતો પૂરી કરવા લિવિંગ સ્પેસ ઊભી કરવા ઇચ્છે છે.



કિડ્સ હોમ સેક્શન બેબી બ્લેન્કેટ, બેબી બેડિંગ, ટોવેલ એન્ડ બાથ ઉત્પાદનો, કિડ્સ મેટ્રેસીસ એન્ડ પિલો, કિડ્સ હોમ યુટિલિટીઝ, પ્રામ એન્ડ વોકર્સ, કિડ્સ ફર્નિચર, કટલરી એન્ડ ટેબલવેર, વોટર બોટલ, કિડ્સ સ્ટોરેજ, સોફ્ટ ટૉય્સ, ટેકનિકલ એન્ડ એક્શન ટોય્સ, એજ્યુકેશ-નલ ટોય્સ, કિડ્સ એક્સે-સરીઝ, સ્કૂલ આર્ટિકલ્સ અને સ્ટેશનરી, સ્પોર્ટ્સ, લેઇઝર એન્ડ આઉટડોર ઉપકરણ, માતૃત્વ સાથે સંબંધિત ઉત્પાદનો, બેબી ગિફ્ટ સેટ, પાર્ટી એન્ડ સેલિબ્રેશન ઉત્પાદનો, ફેસ્ટિવ ઉત્પાદનો, ડિસ્પોઝેબલ ચીજવસ્તુઓ, બાળકો ડેકોરેટિવ ઉત્પાદનો વગેરે ઉત્પાદનોની બહોળી રેન્જ પ્રસ્તુત કરશે.

પ્લુચી નિટેડ સોફ્ટ ટોય્સ, બેબી એન્ડ કિડ્સ બેડિંગ્સ, બેબી ટોવેલ્સ, એક્સેસરીઝ, કમ્ફર્ટર્સ, ગ્રિફ્ટ સેટ વગેરેની અતિ રચનાત્મક રેન્જ પ્રસ્તુત કરશે. તેઓ ડિઝની/માર્વલ/સ્ટારવોર્સ લાઇસન્સ્ડ બેબીઝ એન્ડ કિડ્સ ઉત્પાદનોની તેમની રેન્જ પણ પ્રસ્તુત કરશે. હેપ્પી હોમ લિનેન્સ દ્વારા કિડ્સ બેડ લિનન, શેપ્ડ કુશન્સ, શાવર કર્ટન, પિલો, ક્વિલ્ટ્સ પ્રદર્શિત થશે. સેન્ચુરી મેટ્રેસીસ વિશિષ્ટ કિડ્સ મેટ્રેસીસ કલેક્શન પ્રસ્તુત કરશે. બોનહેર એન્ડ ડોક્ટર ટોવેલ્સ તેમના કિડ્સ ટોવેલ્સની રેન્જ પ્રસ્તુત કરશે. ભારતમાં ટોવેલ્સના શ્રેષ્ઠ ઉત્પાદકો પૈકીના એક શારદા ટેરી તેની બ્રાન્ડ માઇક્રો કોટન હેઠળ બેડ શીટ અને ટોવેલ્સ બંને પ્રસ્તુત કરશે. ઇપીસીએચએ હાથથી બનેલા લાકડાના રમકડાના ઉત્પાદનો, બાળકોનું ફર્નિચર અને અન્ય કિડ્સ અને બેબી ઉત્પાદનોની ગ્રૂપ ભાગીદારીનું આયોજન કર્યું છે. અન્ય ઘણા નિયમિત પ્રદર્શકો પણ વિશેષ કિડ્સ રેન્જ પ્રસ્તુત કરશે.

# સરકારનો વધતો ટેકો

છેલ્લાં એક દાયકામાં એચજીએચ ઇન્ડિયાનું કદ અને દરજ્જો વધવાની સાથે એના પ્રદર્શકો અને મુલાકાતીઓને સતત સારો વ્યવસાય પણ મળ્યો છે. અત્યારે આ ટ્રેડ શૉ ભારત અને દુનિયામાં સ્થાનિક ભારતીય બજાર માટે અસરકારક પ્રવેશદ્વાર ગણાય છે, જે સમગ્ર ભારતમાંથી ૫૦૦થી વધારે શહેરો અને નગરોમાંથી ૩૬,૦૦૦થી વધારે વેપારી ગ્રાહકો સાથે એના પ્રદર્શકોને જોડે છે. એચજીએચ ઇન્ડિયા ખાતે પ્રદર્શકોમાં પ્રસિદ્ધ આંતરરાષ્ટ્રીય અને ભારતીય બ્રાન્ડ્સ, ડિઝાઇનરો, મોટા ઉત્પાદકો, એમએસએમઇ એકમો, આયાતકારો અને નિકાસકારો સામેલ છે. બજારના આગેવાનો અને ટોચની ભારતીય બ્રાન્ડ્સથી લઈને તમામ ખંડોમાંથી ૩૨ દેશોમાંથી બહુરાષ્ટ્રીય કંપનીઓ નિયમિતપણે એચજીએચ ઇન્ડિયામાં સામેલ થાય છે.




એચજીએચ ઇન્ડિયાના સૌથી મોટા લાભાર્થી ક્ષેત્રો પૈકીનું ક્ષેત્રો છે - હસ્તકળાઓ, હાથવણાટ અને કુટિર ક્ષેત્રો. આ ક્ષેત્રોને ભારતના રાષ્ટ્રીય બજાર માટે લાંબા ગાળાનું પ્રવેશદ્વાર મળ્યું છે. દર વર્ષે આ પ્રકારના વધુને વધુ નાનાં ઉત્પાદકો સુસ્થાપિત ઓફલાઇન અને ઓનલાઇન રિટેલ ચેઇન સાથે જોડાઈ રહ્યાં છે. સમગ્ર ભારતમાંથી ૫૫૦ શહેરો અને નગરોમાંથી ૩૭,૦૦૦ વેપારી ગ્રાહકોમાંથી ૭૦ ટકાથી વધારેએ ખરીદી, પ્રવાહો અને બજારની માહિતી માટે તેમના વાર્ષિક કેલેન્ડરમાં એચજીએચ ઇન્ડિયાને સ્થાન આપ્યું છે. હોમ કેટેગરી (ઓફલાઇન અને ઓનલાઇન રિટેલર્સ સહિત)માં ભારતમાં ટોચની ૧૦૦ રિટેલ ચેઇન અને વિતરકોમાંથી ૯૫ ટકા નિયમિતપણે એચજીએચ ઇન્ડિયાની મુલાકાત લે છે. એચજીએચ ઇન્ડિયાના ૯૦ ટકાથી વધારે મુલાકાતીઓ વરિષ્ઠ નિર્ણયકર્તાઓ છે. ઉપરાંત આશરે ૨૮ દેશોમાંથી વેપારી ગ્રાહકો મુખ્યત્વે એશિયા અને આફ્રિકામાં વિકાસશીલ બજારોમાંથી છે, જેઓ નિયમિતપણે એચજીએચ ઇન્ડિયાની મુલાકાત લે છે, હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટ્સની કેટેગરીઓમાં ભારતીય ઉત્પાદનો માટેની વણખેડાયેલી નિકાસ સંભવિતતાઓ ઊભી કરે છે.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રયી રિટેલર્સ, આયાતકારો અને સંસ્થાગત કંપનીઓ સાથે જોડાણ કરવાની એચજીએચ ઇન્ડિયાની ક્ષમતા અને અસરકારકને સમજીને ભારત સરકારના કપડાં અને એમએસએમઇ મંત્રાલયો, ભારત સરકારના કપડાં મંત્રાલય અંતર્ગત ડેવલપમેન્ટ કમિશનર હેન્ડિક્રાફ્ટ્સ અને ડેવલપમેન્ટ કમિશનર, હેન્ડલૂમ, ઉત્તરપ્રદેશ અને હરિયાણાની રાજ્ય સરકારોએ એચજીએચ ઇન્ડિયાને થોડા ટ્રેડ શૉ તરીકે માન્યતા આપી છે, જેમાં લાયકાત ધરાવતા પ્રદર્શકો તેમની ભાગીદારીનો અસરકારક ખર્ચ ઘટાડવા વિવિધ યોજનાઓ અંતર્ગત બજાર વિકાસ અનુદાન કે સહાયનો દાવો કરી શકે છે.

૧૨ એડિશનમાં એચજીએચ ઇન્ડિયા તેના પ્રદર્શકો અને મુલાકાતીઓ માટે સૌથી વધુ મનપસંદ અને વિશ્વસનિય ટ્રેડ શૉ તરીકે બહાર આવ્યો છે. આ પ્રદર્શકો અને મુલાકાતીઓ ઝડપથી વિકસતાં ભારતીય હોમ ટેક્સટાઇલ્સ, ફર્નિશિંગ, હોમ ફર્નિચર, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટ્સ માટેના બજાર પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સ્પષ્ટ છે કે, આ વ્યવસાયોના તમામ હિતધારકો – સરકાર, ખાનગી કે આંતરરાષ્ટ્રીય – એચજીએચ ઇન્ડિયા સાથે સારું જોડાણ અનુભવે છે!

## ટ્રેન્ડ્સ 2022/23

આ વર્ષો દરમિયાન એચજીએચ ઇન્ડિયા દ્વારા અંદાજિત ટ્રેન્ડ્સ એના પ્રદર્શકો અને મુલાકાતીઓ માટે અતિ ઉપયોગી પુરવાર થયા છે. આ એડિશનમાં એચજીએચ ઇન્ડિયા અગાઉની જૂન, ૨૦૨૨ની એડિશનમાંથી ગ્રાહકની પસંદગીમાં સુધારા અને ટૂંકા ગાળાના ફેરફારોને અપનાવ્યાં પછી ધારણા પર કામ કરવાનું જાળવી રાખશે. ૨૦૨૨/૨૩ માટે નવીન ઉત્પાદનો સાથે હોલ ૧માં નવું ટ્રેન્ડ્સ પેવેલિયન નવા ઉત્પાદનોની વાસ્તવિક રેન્જ પ્રદર્શિત કરશે, જેમાંથી નવી ખરીદી કરવા માટે રિટેલર્સ પ્રેરણા લઈ શકે છે. આ પ્રવાહો ગત એડિશનમાંથી આગળ વધ્યાં છે, જે હોમ પ્રોડક્ટ્સ માર્કેટ પર સામાજિક, જીવનશૈલી અને ટેકનોલોજીકલ ફેરફારોની અસરને પ્રતિબિંબિત કરે છે. દર વર્ષે એચજીએચ ઇન્ડિયા આગામી રંગો, ડિઝાઇનો, સામગ્રીઓ અને સ્ટાઇલ્સની ધારણા ભારતીય બજારમાં હોમ ફેશન અને જીવનશૈલી પ્રવાહોમાં ચાવીરૂપ ભૂમિકા ભજવે એવી શક્યતા છે.

“વિન્ડ્સ ઓફ ચેન્જ” – એચજીએચ ઇન્ડિયા દ્વારા તમારા માટે પ્રસ્તુત ટ્રેન્ડ્સ વર્ષ ૨૦૨૨/૨૩ માટે સારી રીતે બહાર આવેલા રંગો, ડિઝાઇનો અને સામગ્રીઓનું સુસંશોધિત સંકલન છે. તમે આગામી સિઝનો માટે તમારા નવા કલેક્શન્સની ખરીદી કરવા કે તેને ઊભું કરવા આ ટ્રેન્ડ બુકમાં સંપૂર્ણ ડિઝાઇન દિશાઓ મેળવશો. આ ટ્રેન્ડ્સ ચાર ગ્રૂપ – હીલિંગ ગ્રીન, ઇકો આર્ટિસ્ટ, પર્પલ એવેન્યૂ અને પીસફુલ એમ્બરમાં ભારતીય બજાર માટે ૨૦૨૨-૨૩ માટે ડિઝાઇનનાં પાસાં જણાવશે. ૨૦૨૨/૨૩ માટે એચજીએચ ઇન્ડિયા ટ્રેન્ડ્સ તમામ હોમ કેટેગરીઓ – હોમ ટેક્સટાઇલ્સ, ફર્નિશિંગ ફેબ્રિક્સ, હોમ ડેકોર, એસેન્ટ ફર્નિચર, હાઉસવેર એન્ડ ગિફ્ટમાં લાગુ છે.

Healing Green
हीलिंग ग्रीन



Eco Artist
इको आर्टिस्ट



Purple Avenue
पर्पल एवेन्यू



Peaceful Amber
पीसफुल एम्बर

